# સુરત મહાનગરપાલિકા

પૂર્વ(વરાછા) ઝોન–એ
સૈફી સોસાયટીની બાજુમાં,
એલ.એચ.રોડ,સુરત.
ફોન નં.(૦૨૬૧)૨૫૪૭૭૫૦/૨૦૪

કે. જે. ભાવસાર
કાર્યપાલક ઈજનેર

ઈઝેડ./ટીડી આ.નં.૧૯૪૦
તા.૧૬/૦૭/૨૦૨૫

**પ્રતિ,**

......................................
......................................
......................................

**વિષય:** પૂર્વ(વરાછા) ઝોન–એ માં નીચે મુજબના લોકેશન પર ૦૬(છ) માસની મુદત માટે તદ્દન હંગામી ધોરણે ' પે એન્ડ પાર્ક ' માટે નિયત કરેલ જગ્યામાં પાર્કિંગને લગતી સેવાઓ પુરી પાડવા બાબત.

**મહાશય,**

આ સાથે સામેલ કોષ્ટકમાં જણાવેલ કામની વિગતથી પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં ઉકત વિષયે પાર્કિંગનો ઈજારો સક્ષમ સત્તાધીશનાં મંજુર થયેલ પાર્કિંગ પોલીસી અને પાર્કિંગ બાયલોઝ તથા આ પ્રકારના 'પે એન્ડ પાર્ક ' ના મંજુર શરતો અને સ્પેશિફીકેશનો મુજબ કરાવવામાં આવનાર છે. આ કામ અંગે તમો રસ ધરાવતા હોય તો નીચે મુજબના કોષ્ટકમાં જણાવેલ કામ માટે જરૂરી બાનાની રકમ (EMD) ડીમાન્ડ ડ્રાફ્ટ સાથેનું તમારું ભાવપત્રક સીલબંધ કવરમાં તા.૨૯/૦૭/૨૦૨૫ સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતું કરશો. ભાવપત્રકમાં કુલ ૦૬(છ)માસ માટેની ઓફર રકમ આપવાની રહેશે.

| અ.નં. | સ્થળની વિગત | ઈજારદાર દ્વારા ૬(છ)માસ માટે આપેલ ઓફર રકમ અંકે કુલ રૂા. | ઈજારદાર દ્વારા૬(છ)માસ માટે આપેલ ઓફર રકમ શબ્દોમાં કુલ રૂા. | બાનાની રકમ (E.M.D) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા જંકશન, ફલાય ઓવર બ્રીજ (પુણા) નીચે નિયત કરેલ જગ્યામાં (આશરે ૩૪૦૯.૦૦ ચો.મી. જગ્યા) | | | ૧% | સમય મર્યાદા ૬ (છ) માસ |
| ૨ | પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ સીતાનગર ચોકડી ફલાય ઓવરબ્રીજની નીચે નિયત કરેલ જગ્યામાં (આશરે ૩૪૧૪.૪૭ ચો.મી. જગ્યા) | | | ૧% | સમય મર્યાદા ૬ (છ) માસ |
| ૩ | પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ કાપોદ્રા પોલીસ સ્ટેશનની સામેના બ્રીજ નીચે નિયત કરેલ જગ્યામાં (આશરે ૧૯૧૨.૦૫ ચો.મી. જગ્યા) | | | ૧% | સમય મર્યાદા ૬ (છ) માસ |

**નોંધ: આ ઈજારાની ઓફરમાં માત્ર ૬(છ) માસની લાયસન્સ ફી ની રકમ ભરવાની રહેશે તેમજ ૦૬(છ) માસની લાયસન્સ ફી ની રકમના ૧% લેખે ઈ.એમ.ડી. ભરવાની રહેશે તથા પ્રવર્તમાન તમામ ટેક્ષ અલગથી ભરવાના રહેશે.**

વધુમાં, સુરત મહાનગરપાલિકાના પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ નિયત કરેલ જગ્યા માટે મંજુર થયેલ ' પે એન્ડ પાર્ક ' માં પાર્કિંગના ઈજારાની શરતો અને સ્પેસીફીકેશનને આધિન સંમતિપત્રક રજુ કરવાનું રહેશે. અન્યથા કામ સોંપવા અંગે સંમતિપત્ર માન્ય રાખવામાં આવશે નહી. તેમજ સરકારશ્રીના પ્રર્વતમાન તમામ ટેક્ષ તથા વખતો વખત બદલતા ટેક્ષ અંગેના નિયમો બંધનકર્તા રહેશે. નિયત સમયમર્યાદા બાદ આવેલ ઓફર કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી તેમજ ગણતરીમાં લેવામાં આવશે નહી. આપવામાં આવેલ સંમતિપત્રક સ્વીકારવા/રદ કરવાની સત્તા સુરત મહાનગરપાલિકા પાસે અબાધિત રહેશે.

કાર્યપાલક ઈજનેર
પૂર્વ(વરાછા)ઝોન–એ
સુરત મહાનગરપાલિકા

ઈજારદારની સહી સીલ અને તારીખ.
બિડાણ :– 'પે એન્ડ પાર્ક ' ની શરતો

# સુરત મહાનગરપાલિકા
# પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ તદ્દન હંગામી ધોરણે ફાળવવા જોગ 'પે એન્ડ પાર્ક'

| |
|---|
| પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા જંકશન, ફલાય ઓવર બ્રીજ (પુણા) નીચે નિયત કરેલ જગ્યામાં (આશરે ૩૪૦૯.૦૦ ચો.મી. જગ્યા) |
| પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ સીતાનગર ચોકડી ફલાય ઓવરબ્રીજની નીચે નિયત કરેલ જગ્યામાં (આશરે ૩૪૧૪.૪૭ ચો.મી. જગ્યા) |
| પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ કાપોદ્રા પોલીસ સ્ટેશનની સામેના બ્રીજ નીચે નિયત કરેલ જગ્યામાં (આશરે ૧૯૧૨.૦૫ ચો.મી. જગ્યા) |

**સુરત મહાનગરપાલિકાનાં પુર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા જંકશન ફલાય ઓવરબ્રીજની નીચે ‘‘પે એન્ડ પાર્ક’’ માટે નિયત કરેલ જગ્યામાં પાર્કીંગનો લાભ લેનાર લાભાર્થીઓ / ગ્રાહકો પાસેથી વસુલ કરવાના પાર્કિંગના મહત્તમ દર**

- **સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૮/સીએમ–૪૧૯/પી, તા.૦૫/૧૨/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ "પાર્કિંગ પોલીસી એન્ડ પાર્કિંગ બાયલોઝ" મુજબ પાર્કિંગનાં દર**

## <u>ઓન સ્ટ્રીટ – ઓલ એરીયા</u>


| On and Off Street Parking - All Areas | | | | | |
|---|---|---|---|---|---|
| | **0 to 3 hours** | **3 to 6 hours** | **6 to 9 hours** | **9 to 12 hours** | **12 to 24 hours** |
| **2 - wheelers** | 10 | 15 | 20 | 25 | 40 |

**Note:** For more than 24 Hours, parking charges shall be computed based on the additional duration of parking as increment from 0. Bicycles and handicapped modified vehicles shall not be charged for parking.

| On Street Parking - All Areas | | | | | |
|---|---|---|---|---|---|
| | **0 to 3 hours** | **3 to 6 hours** | **6 to 9 hours** | **9 to 12 hours** | **12 to 24 hours** |
| **3 - wheelers** | 20 | 25 | 35 | 45 | 60 |
| **Cars** | 25 | 30 | 45 | 60 | 80 |
| **LCV** | 35 | 50 | 70 | 90 | 110 |
| **HCV** | 60 | 100 | 150 | 200 | 250 |

**કાર્યપાલક ઈજનેર**
**પૂર્વ(વરાછા) ઝોન–એ**
**સુરત મહાનગરપાલિકા**

# PAY AND PARK UNDER VISHWAKARMA JUNCTION FLY OVER BRIDGE   Area = 3409.00  Sq.mt



**સુરત મહાનગરપાલિકાનાં પુર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ સીતાનગર ચોકડી ફલાય ઓવરબ્રીજની નીચે ''પે એન્ડ પાર્ક'' માટે નિયત કરેલ જગ્યામાં પાર્કીંગનો લાભ લેનાર લાભાર્થીઓ / ગ્રાહકો પાસેથી વસુલ કરવાના પાર્કિંગના મહત્તમ દર**

- **સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૮/સીએમ–૪૧૯/પી, તા.૦૫/૧૨/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ "પાર્કિંગ પોલીસી એન્ડ પાર્કિંગ બાયલોઝ" મુજબ પાર્કિંગનાં દર**

## <u>ઓન સ્ટ્રીટ – ઓલ એરીયા</u>

| On and Off Street Parking - All Areas | | | | | |
|---|---|---|---|---|---|
| | **0 to 3 hours** | **3 to 6 hours** | **6 to 9 hours** | **9 to 12 hours** | **12 to 24 hours** |
| **2 - wheelers** | 10 | 15 | 20 | 25 | 40 |

**Note:** For more than 24 Hours, parking charges shall be computed based on the additional duration of parking as increment from 0. Bicycles and handicapped modified vehicles shall not be charged for parking.

| On Street Parking - All Areas | | | | | |
|---|---|---|---|---|---|
| | **0 to 3 hours** | **3 to 6 hours** | **6 to 9 hours** | **9 to 12 hours** | **12 to 24 hours** |
| **3 - wheelers** | 20 | 25 | 35 | 45 | 60 |
| **Cars** | 25 | 30 | 45 | 60 | 80 |
| **LCV** | 35 | 50 | 70 | 90 | 110 |
| **HCV** | 60 | 100 | 150 | 200 | 250 |

**કાર્યપાલક ઈજનેર**
**પૂર્વ(વરાછા) ઝોન–એ**
**સુરત મહાનગરપાલિકા**

## જુનો પૂર્વ(વરાછા)ઝોન–એ

## ''સીતાનગર ચોકડી'' ફલાય ઓવર બ્રીજની નીચેના ભાગે બનાવવામાં આવેલ પાર્કિંગ મોડયુલની વિગત

| અ. નં. | પીઅર નંબર | સાઈઝ | એરીયા (ચો.મી.) | લોકેશન |
|---|---|---|---|---|
| ૧ | ૧ થી ૨ | ૬.૭૫ મી.× ૧૯.૭૦ મી. | ૧૩૨.૯૮ | જય યોગેશ્વર સોસા. થી સીતા નગર જંકશન (ડાબી બાજુ) |
| ૨ | ૨ થી ૩ | ૬.૯૦ મી.× ૧૯.૫૦ મી. | ૧૩૪.૫૫ | |
| ૩ | ૩ થી ૪ | ૬.૯૦ મી.× ૧૯.૫૦ મી. | ૧૩૪.૫૫ | |
| ૪ | ૪ થી ૫ | ૬.૮૦ મી.× ૧૯.૫૦ મી. | ૧૩૨.૬૦ | |
| ૫ | ૫ થી ૬ | ૬.૨૫ મી.× ૧૬.૦૦ મી. | ૧૦૦.૦૦ | |
| ૬ | ૬ થી ૭ | ૪.૮૦ મી.× ૧૯.૫૦ મી. | ૯૩.૬૦ | |
| ૭ | ૭ થી ૮ | ૪.૪૫ મી.× ૧૯.૩૦ મી. | ૮૫.૮૯ | |
| ૮ | ૮ થી ૯ | ૬.૮૦ મી.× ૨૦.૦૦ મી. | ૧૩૬.૦૦ | |
| ૯ | ૧ થી ૨ | ૬.૭૦ મી.× ૨૦.૦૦ મી. | ૧૩૪.૦૦ | જય યોગેશ્વર સોસા. થી સીતા નગર જંકશન (જમણી બાજુ) |
| ૧૦ | ૨ થી ૩ | ૬.૭૦ મી.× ૧૪.૬૦ મી. | ૯૭.૮૨ | |
| ૧૧ | ૩ થી ૪ | ૬.૭૫ મી.× ૧૯.૫૦ મી. | ૧૩૧.૬૩ | |
| ૧૨ | ૪ થી ૫ | ૬.૭૫ મી.× ૧૯.૫૦ મી. | ૧૩૧.૬૩ | |
| ૧૩ | ૫ થી ૬ | ૫.૫૦ મી.× ૧૬.૦૦ મી. | ૮૮.૦૦ | |
| ૧૪ | ૬ થી ૭ | ૩.૭૫ મી.× ૧૯.૫૦ મી. | ૭૩.૧૩ | |
| ૧૫ | ૭ થી ૮ | ૩.૭૫ મી.× ૧૮.૫૦ મી. | ૬૯.૩૮ | |
| ૧૬ | ૮ થી ૯ | ૫.૪૦ મી.× ૧૮.૬૦ મી. | ૧૦૦.૪૪ | |
| ૧૭ | ૧૦ થી ૧૧ | ૮.૩૦ મી.× ૧૯.૦૦ મી. | ૧૫૭.૭૦ | સીતા નગર જંકશનથી બુટ ભવાની સોસા. તરફ (ડાબી બાજુ) |
| ૧૮ | ૧૧ થી ૧૨ | ૮.૪૦ મી.× ૧૯.૭૦ મી. | ૧૬૫.૪૮ | |
| ૧૯ | ૧૨ થી ૧૩ | ૮.૫૫ મી.× ૧૯.૭૦ મી. | ૧૬૮.૪૪ | |
| ૨૦ | ૧૩ થી ૧૪ | ૮.૪૫ મી.× ૧૯.૭૦ મી. | ૧૬૬.૪૭ | |
| ૨૧ | ૧૪ થી ૧૫ | ૮.૦૦ મી.× ૧૯.૭૦ મી. | ૧૫૭.૬૦ | |
| ૨૨ | ૧૦ થી ૧૧ | ૮.૩૦ મી.× ૧૯.૦૦ મી. | ૧૫૭.૭૦ | સીતા નગર જંકશનથી બુટ ભવાની સોસા. તરફ (જમણી બાજુ) |
| ૨૩ | ૧૧ થી ૧૨ | ૮.૪૦ મી.× ૧૯.૭૦ મી. | ૧૬૫.૪૮ | |
| ૨૪ | ૧૨ થી ૧૩ | ૮.૫૫ મી.× ૧૯.૭૦ મી. | ૧૬૮.૪૪ | |
| ૨૫ | ૧૩ થી ૧૪ | ૮.૫૦ મી.× ૧૯.૭૦ મી. | ૧૬૭.૪૫ | |
| ૨૬ | ૧૪ થી ૧૫ | ૮.૩૦ મી.× ૧૯.૭૦ મી. | ૧૬૩.૫૧ | |
| | | કુલ | **૩૪૧૪.૪૭** | |

**કાર્યપાલક ઈજનેર**
**પૂર્વ(વરાછા) ઝોન–એ**
**સુરત મહાનગરપાલિકા**

**ટેન્ડરરની સહી તથા સિકકો**
**તારીખ:**

સુરત મહાનગરપાલિકાનાં પુર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ કાપોદ્રા પોલીસ સ્ટેશનની સામેના બ્રીજ નીચે નિયત કરેલ જગ્યામાં "પે એન્ડ પાર્ક" માટે નિયત કરેલ જગ્યામાં પાર્કીંગનો લાભ લેનાર લાભાર્થીઓ / ગ્રાહકો પાસેથી વસુલ કરવાના પાર્કિંગના મહત્તમ દર

- **સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૮/સીએમ–૪૧૯/પી, તા.૦૫/૧૨/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ "પાર્કિંગ પોલીસી એન્ડ પાર્કિંગ બાયલોઝ" મુજબ પાર્કિંગનાં દર**

## ઓન સ્ટ્રીટ – ઓલ એરીયા

| On and Off Street Parking - All Areas | | | | | |
|---|---|---|---|---|---|
| | 0 to 3 hours | 3 to 6 hours | 6 to 9 hours | 9 to 12 hours | 12 to 24 hours |
| **2 - wheelers** | 10 | 15 | 20 | 25 | 40 |

**Note:** For more than 24 Hours, parking charges shall be computed based on the additional duration of parking as increment from 0. Bicycles and handicapped modified vehicles shall not be charged for parking.

| On Street Parking - All Areas | | | | | |
|---|---|---|---|---|---|
| | 0 to 3 hours | 3 to 6 hours | 6 to 9 hours | 9 to 12 hours | 12 to 24 hours |
| **3 - wheelers** | 20 | 25 | 35 | 45 | 60 |
| **Cars** | 25 | 30 | 45 | 60 | 80 |
| **LCV** | 35 | 50 | 70 | 90 | 110 |
| **HCV** | 60 | 100 | 150 | 200 | 250 |

**કાર્યપાલક ઈજનેર**
**પૂર્વ(વરાછા) ઝોન–એ**
**સુરત મહાનગરપાલિકા**


## પૂર્વ(વરાછા)ઝોન–એ

## <u>કાપોદ્રા પોલીસ સ્ટેશનની સામેના ફલાય ઓવર બ્રીજની નીચેના ભાગે બનાવવામાં આવેલ પાર્કિંગ મોડયુલની વિગત</u>

| અ.નં. | પીઅર નંબર | સાઈઝ | એરીયા (ચો.મી.) | લોકેશન |
|---|---|---|---|---|
| ૧ | એબટમેન્ટ થી ૧ | ૩૨.૦૦ મી.× ૧૦.૦૦ મી. | ૩૨૦.૦૦ | પી.પી. સવાણી હોસ્પિટલની સામે |
| ૨ | ૧ થી ૨ | ૩૧.૫૦ મી.× ૦૯.૦૦ મી. | ૨૮૩.૫૦ | સિદ્ધકુટીર કાર મેળાની સામે |
| ૩ | ૪ થી ૫ | ૩૨.૫૦ મી.× ૦૮.૫૦ મી. | ૨૭૬.૨૫ | કાપોદ્રા પોલીસ સ્ટેશનની સામે |
| ૪ | ૫ થી ૬ | ૩૩.૦૦ મી.× ૦૯.૦૦ મી. | ૨૯૭.૦૦ | જીઓ પેટ્રોલપંપની સામે |
| ૫ | ૬ થી ૭ | ૨૫.૫૦ મી.× ૦૯.૦૦ મી. | ૨૨૯.૫૦ | દર્શન રેસ્ટોરન્ટની સામે |
| ૬ | ૭ થી ૮ | ૩૨.૦૦ મી.× ૦૯.૯૦ મી. | ૩૧૬.૮૦ | મમતા પાર્ક વિ.–૧ ની સામે |
| ૭ | ૮ થી એબટમેન્ટ | ૧૮.૦૦ મી.× ૧૦.૫૦ મી. | ૧૮૯.૦૦ | પી.પી. માણીયા હોસ્પિટલની સામે |
| | | **કુલ** | **૧૯૧૨.૦૫** | |

**કાર્યપાલક ઈજનેર**
**પૂર્વ(વરાછા) ઝોન–એ**
**સુરત મહાનગરપાલિકા**

**ટેન્ડરરની સહી તથા સિકકો**
**તારીખઃ**


Station
BRTS
Under Pass

## *** 'પે એન્ડ પાર્ક' ની શરતો ***

(૧) પાર્કીંગની જગ્યાના પરવાનાની મુદત મહાનગરપાલિકા નકકી કરે તે મુજબ ૬ (છ) માસ ની અથવા તો સદર જગ્યાની મહાનગરપાલિકાને અન્ય કોઈપણ જાહેર હેતુ માટેની કોઈ પણ પ્રોજેકટ/કામગીરી માટે જરૂરી જણાય ત્યા સુધી અથવા ટેન્ડર મંજુર થયેથી નવા ઈજારદાર દ્વારા પાર્કીંગનો કબ્જો લેવામાં આવે ત્યા સુધી, ત્રણમાંથી જે વહેલુ હોય ત્યાં સુધીનો જ રહેશે.

(૨) ઈજારદારે ગ્રાહકોના વાહનો સંભાળવાની જવાબદારી સ્વીકારી છે. એમ સમજીને વાહનો ખોવાય જાય અથવા ચોરી થઈ જાય તો અથવા વાહનોને નુકશાન થાય ઈજારદાર તે માટે જવાબદાર રહેશે. સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૩) ઈજારદાર વાહનો સાચવવા પોતે અથવા અધિકૃત કરેલ વ્યકિતઓએ હાજર રહેવું પડશે.

(૪) વાહન પાર્કીગ સ્ટેન્ડ અંગેની સેવાઓ સામાન્ય રીતે મ્યુ.કમિશ્નરશ્રીના વખતો વખતના આદેશ પ્રમાણે મુકરર કરેલ ધોરણ મુજબ, મુકરર કરેલ દરે પુરી પાડવાની રહેશે. આ મુકરર કરેલું ભાવપત્રક ગ્રાહકો જોઈ શકે તે મુજબ દરેક પ્રવેશ દ્વાર પાસે તેમજ પાર્કિંગમાં અન્ય જગ્યાઓ પર સુરત મહાનગરપાલિકા સુચવે તે મુજબ પ્રદર્શિત કરવાનું રહેશે.

(૫) વાહન સ્ટેન્ડની કામગીરી અંગે જરૂરી સરકારી/ અર્ધસરકારી અથવા મહાનગરપાલિકાના પરવાના ઈજારદારે મેળવી લેવાના રહેશે.

(૬) ઈજારદારે વાહન સ્ટેન્ડ અંગે એક ફરીયાદ પોથી સ્ટેન્ડ પર ગ્રાહકોને સહેલાઈથી ઉપલબ્ધ થાય તે રીતે રાખવાની રહેશે. અને તેમાં નોંધાયેલી ફરીયાદ/ સુચનો દર મહિને આસી. કમિશ્નરશ્રી પૂર્વ(વરાછા) ઝોનને મોકલી આપવાની રહેશે.

(૭) ડોકયુમેન્ટ ફી તથા બાનાની રકમનો ડ્રાફટ/ પે ઓર્ડર, બેન્કર્સ ચેક સુરત ખાતે વટાવી શકાય તે મુજબનો સ્થાનિક રાષ્ટ્રીય / શીડયુલ બેંકનો મ્યુ. કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના નામનો હોવો જોઈએ. ડોકયુમન્ટ ફી તેમજ નિયત બાનાની રકમ (ઈ.એમ.ડી.) વગરનું કવર સ્વીકાર્ય ગણાશે નહી અને રદ થવાને પાત્ર રહેશે.

(૮) ' પે એન્ડ પાર્ક ' ના ઈજારાના નિયત કરેલ મુદત પુર્ણ થયેથી મંજુર ટેન્ડર/એલોટમેન્ટની શરતો તથા લાયસન્સ ફી ને આધિન/મુજબ એક તરફી છ માસ સુધી અથવા સુરત મહાનગરપાલિકા નક્કી કરે ત્યા સુધી 'પે એન્ડ પાર્ક' ના ઈજારાની મુદત લંબાવી/વધારી શકવા માટે સુરત મહાનગરપાલિકા સ્વતંત્રપણે અધિકૃત રહેશે. જે પરવાનેદારને બંધનકર્તા રહેશે.

(૯) ઈજારદારને સોંપવામાં આવેલ ' પે એન્ડ પાર્ક ' ના હદ વિસ્તારમાં સમયાંતરે પુરતી ચકાસણી કરવાની રહેશે અને કાયદાથી પ્રતિબંધિત હોય તેવી વાંધાજનક/નુકશાનકારક, કે અન્ય બિનવારસી ચીજ–વસ્તુઓ મુકવામાં આવે નહી તેની કાળજી રાખવાની રહેશે. તેમજ આવી કોઈ વસ્તુ જણાય તો તાત્કાલિક જેતે સંબંધિત ખાતા/વિભાગને જાણ કરવાની રહેશે.

(૧૦) ઈજારદાર તરફથી 'પે એન્ડ પાર્ક' ની સેવાઓ પુરી પાડવા માટે રાખવામાં આવેલ તમામ માણસોને યુનિફોર્મ આપવાના રહેશે તથા કમિશ્નરશ્રી દ્વારા માન્ય કરવામાં આવેલ નિયત ફોર્મમાં ઓળખપત્ર આપવાનું રહેશે. જે સંબંધિતએ તેની ફરજ દરમ્યાન જોઈ શકાય તેવી રીતે પ્રદર્શિત કરવાનું રહેશે. વધુમાં 'પે એન્ડ પાર્ક' નાં સ્થળે પાર્કિંગની માહિતી/ભાવ દર્શાવતા પોસ્ટર સિવાયનાં કોઈ પોસ્ટર હોય તો ઈજારદારે દૂર કરવાનાં રહેશે.

(૧૧) ઈજારાની મુદત પુરી થયા બાદ તે ઈજારો વધુ સમય માટે તાજો કરી આપવામાં આવેલ નહી હશે તો ઈજારદાર અને તેના માણસોને ઈજારાના સ્થળમાં પ્રવેશ કરતા અટકાવી શકાશે. તથા ઈજારદારે સ્થળ પર રાખેલ તેમની સાધન સામગ્રી તાત્કાલિક ખસેડી લેવાની રહેશે. અન્યથા મહાનગરપાલિકા તે ઈજારદારના ખર્ચે અને જોખમે સ્થળ પરથી દુર કરશે.

(૧૨) કમિશ્નરશ્રી તથા તેમના અધિકૃત અધિકારી દ્વારા સહી કરેલ નોટીસ સુચના વિ. સાયકલ, સ્કુટર સ્ટેન્ડની જગ્યા ઉપર લગાડવામાં આવે તો તે ઈજારદારને મળ્યા બરાબર ગણાશે.

(૧૩) ઈજારાની શરતો અંગે કોઈ પણ પ્રકારના મતભેદ ઉભા થાય તો ત્યારે કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૪) ટેન્ડર/એલોટમેન્ટ લેટર/એગ્રીમેન્ટની શરતો પૈકી કોઈપણ શરતનો પરવાનેદાર/ઈજારદાર દ્વારા ભંગ કરવામાં આવશે/પાલન કરવામાં કસુર કરશે તો મ્યુ. કમિશ્નરશ્રીને અત્રે જમા તમામ પ્રકારની ડિપોઝીટની પુરેપુરી રકમ જપ્ત કરવાનો અધિકાર રહેશે તેમજ તે બાબતે નોટીસ વ્યવહાર પછી અથવા કોઈપણ પ્રકારની નોટીસ વિના ઈજારદારનો ઈજારો તત્કાલ રદ કરવાનો કમિશ્નરશ્રીને અધિકાર રહેશે, કરારના ભંગના પરિણામે સુરત મહાનગરપાલિકાને જે કંઈ નુકશાન થશે તે માટે પરવાનેદાર ભરપાઈ કરવા જવાબદાર રહેશે. પરવાનેદારે પરવાનાની શરતોનો ભંગ કર્યો છે કે કેમ અને ડીપોઝીટની રકમ જપ્ત કરવી કે નહી તેમજ પેનલ્ટી કરવા બાબતે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય છેવટનો ગણાશે અને પરવાનેદારને તે બંધનકર્તા રહેશે તથા તે અંગે પરવાનેદારને કોઈપણ પ્રકારના વળતર મેળવવાનો હકક/અધિકાર રહેશે નહી.

(૧૫) કમિશ્નરશ્રી આ શરતો ઉપરાંત વખતો વખત સુચવે તેવા સુધારા કે નવી શરતો ઈજારદારને બંધનકર્તા રહેશે.

(૧૬) ઈજારદારની ઓફર મંજુર થયેથી સફળ ઈજારદારની મંજુર થયેલ ઈજારાની ઓફર મુજબ ભરવાપાત્ર નકકી કરેલ મુદતના સમયગાળા માટેની થતી પુરેપુરી લાયસન્સ ફીની કુલ રકમના ૨૫% પ્રમાણેની રકમ પરર્ફોમન્સ ગેરન્ટી ડીપોઝીટ રૂા. ૨૫/– લાખથી ઓછી રકમ માટે બેંકર ચેક/ડીમાન્ડ ડ્રાફટ થી સુરત મહાનગરપાલિકાની કચેરીમાં સીકયુરીટી તરીકે જમા / ભરપાઈ કરવાની રહેશે. ઈજારદાર ઈચ્છે તો પરર્ફોમન્સ ગેરન્ટી ડીપોઝીટની રૂા. ૨૫/– લાખથી વધુની રકમ માટે સુરત શહેરની રાષ્ટ્રીયકૃત બેંકની ફીકસ ડીપોઝીટ રસીદ (FDR) થી પણ રજુ કરી શકશે. ફીકસ ડીપોઝીટ રસીદની પાકતી મુદતનો સમયગાળો ઈજારાની કામગીરીના નિયત સમગ્ર સમયગાળા ઉપરાંતના વધુ ૬ (છ) માસ સુધીનો રાખવાનો રહેશે.

(૧૭) ઈજારદારનું ઓફર થયેથી સફળ ઈજારદારની ઓફર મુજબની કુલ ઓફરની રકમ એટલે કે મંજુર થયેલ ઈજારાની ઓફર મુજબ ભરવાપાત્ર સમગ્ર સમયગાળા માટેની થતી પુરેપુરી લાયસન્સ ફીની કુલ રકમના ૨% અથવા જે તે સમયના પ્રવર્તમાન દર પ્રમાણેની રકમ સીકયોરીટી ડીપોઝીટ તરીકે રૂા. ૨૫ લાખ સુધીની રકમ બેંકર ચેક/ડીમાન્ડ ડ્રાફટ સુરત મહાનગરપાલિકાની કચેરીમાં સીકયુરીટી તરીકે જમા / ભરપાઈ કરવાની રહેશે. રૂપિયા ૨૫ લાખ ઉપરના કામમાં ઈજારદાર ઈચ્છે તો સીકયુરીટી ડીપોઝીટની રકમ સુરત શહેરની રાષ્ટ્રીયકૃત બેંકની ફીકસ ડીપોઝીટ રસીદ (FDR) થી પણ રજુ કરી શકશે. ફીકસ ડીપોઝીટ રસીદની પાકતી મુદતનો સમયગાળો ઈજારાની કામગીરીના નિયત સમગ્ર સમયગાળા ઉપરાંતના વધુ ૬(છ) માસ સુધીનો રાખવાનો રહેશે.સફળ ઈજારદારે મહાનગરપાલિકાની કચેરીમાં ઉપરોકત અનુ.નં. (૧૬) અને (૧૭) માં જણાવેલ પરર્ફોમન્સ ગેરન્ટી ડીપોઝીટ તેમજ સીકયોરીટી ડીપોઝીટની રકમ જમા/ભરપાઈ કરવાની નવા કામ કે જેના માટે સ્થળે પાર્કિંગની કામગીરી સ્થળ ઉપર શરૂ કરવામાં આવેલ / થતી હોય તેવા કામ માટે એલોટમેન્ટ લેટરની તારીખથી દિન–૧૫ (પંદર)ની મુદ્દત રહેશે. ત્યારબાદ ૦.૦૬૫ % પ્રતિદિન પ્રમાણે વિલંબ પેનલ્ટી વસુલવામાં આવશે.

(૧૮) ઈજારદાર તરફથી મહાનગરપાલિકાની કચેરીમાં ઉપરોકત અનુ.નં.: (૧૬) અને (૧૭)માં જણાવેલ પરર્ફોમન્સ ગેરન્ટી ડીપોઝીટ તેમજ સીકયોરીટી ડીપોઝીટની રકમ ઈજારો પૂર્ણ થયા બાદ ઈજારદાર તરફથી ઈજારાના સંચાલનની કામગીરી સંતોષકારક / ક્ષતિઓ રહિત શરતનં.: (૧૪)ને આધિન યોગ્ય જણાયે મુકત કરવામાં આવશે.

(૧૯) ઈજારદારનું ઓફર મંજુર થયેથી કામ શરૂ કરવાનો લેટર મળ્યેથી તાકીદે રોકડેથી/બેંકર ચેક/ડીમાન્ડ ડ્રાફટથી સુરત મહાનગરપાલિકામાં પરવાના ફીની રકમ ભરવાની રહેશે. નિયત મુદતમાં રકમ જમા કરાવવામાં કસુર થયેથી બાનાની / સીકયોરીટી ડીપોઝીટ / પરર્ફોમન્સ ગેરન્ટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે તથા ઈજારો આપો આપ રદ થયેલ ગણાશે. પરવાના ફીની રકમ કામ શરૂ કરવાનાં લેટરની તારીખથી તાકીદે જમા કરાવવાની રહેશે. ત્યારબાદ મોડા દિવસો ઉપર વાર્ષિક ૧૮% સાદા વ્યાજ સહિતની વિલંબ પેનલ્ટી વસુલવામાં આવશે.

(૨૦) બાકીની વાર્ષિક લાયસન્સ ફી પ્રમાણેની રકમના માસિક હપ્તા માટેની જે રકમ નકકી થશે તેની જમાનત તરીકે ઈજારદારે જે તે રકમના/એડવાન્સ ચેકો તથા ટીસીએસના એડવાન્સ ચેકો આપવાના રહેશે. સદર ચેક સુરત મહાનગરપાલિકા પાસે કસ્ટડીમાં જમા રાખવામાં આવશે તથા ઈજારદાર ઈચ્છે તો નીયત તારીખે રોકડા/ડ્રાફટ અગર

તો અન્ય કોઈ માન્ય રીતે રકમ જમા કરાવીને ચેક પરત લઈ શકશે, પરંતુ જો તેમ ન કરવામાં આવે તો પેમેન્ટ ચેકની તારીખ આવતા સદર ચેક સુરત મહાનગરપાલિકા દ્વારા ચૂકવણી માટે બેન્કમાં રજુ કરી દેવામાં આવશે અને જો આવા ચેક કોઈપણ કારણસર બેન્કમાંથી રીટર્ન થાય તો રીટર્ન ચેકના ચાર્જીસ/દંડ/વહીવટી ચાર્જ/ડીલે પેમેન્ટ પેનલ્ટી સહિત રકમ સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી વસુલ કરવામાં હકકદાર રહેશે. તેમજ ચેકની રકમની વસુલાત કરવા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી વસુલાત કરવા સુરત મહાનગરપાલિકા હકકદાર રહેશે.

(૨૧) ઈજારદારનું ઓફર મંજુર થયા મુજબની જાણ ઈજારદારને કર્યેથી જરૂરી સીકયોરીટી ડીપોઝીટ તેમજ પરર્ફોમન્સ ગેરન્ટી ડીપોઝીટની રકમ ભરી જરૂરી કરાર કરી, સ્થળ ઉપર ઈજારા મુજબની કામગીરી શરૂ કરી લેવાની રહેશે. સદરહુ ઈજારાની મુદત ઈજારદારને સ્થળ પર કામ શરૂ કરવા માટે આપવામાં આવનાર પરવાનગી પત્રમાં જણાવેલ તારીખથી ગણવાની રહેશે.

(૨૨) ઈજારદારે ઓફર આપતા પહેલા પાર્કીગ સ્ટેન્ડની જગ્યા તથા તેની હદ વિસ્તાર પુરેપુરો જોયો હોવાનું માની લેવામાં આવશે. પાછળથી આ બાબતે કોઈ તકરાર ચાલશે નહી.

(૨૩) પાર્કીગ સ્ટેન્ડવાળી જગ્યા પર કોઈ ટેમ્પરરી કે પરમેનન્ટ શેડ/સ્ટ્રકચર ઈજારદાર બાંધી શકશે નહી. તથા જાહેરાત કરી શકાશે નહી.

(૨૪) પાર્કીગ સ્ટેન્ડનો સમય રાઉન્ડ ધ કલોક (૨૪ કલાક) સુધીનો રહેશે. અથવા 'પે એન્ડ પાર્ક' ના લોકેશનની સ્થળ પરિસ્થિતિ મુજબનો રહેશે.

(૨૫) ઓફર મંજુર થયેથી ઈજારદારે ઓફર મુજબ થતી રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૨૬) સફળ ઈજારદાર સુરત મહાનગરપાલિકા સાથે અમલીકરણ બાબતે જરૂરી એગ્રીમેન્ટ નિયમ મુજબના સ્ટેમ્પ પેપર પર સ્વખર્ચે કરવાનો રહેશે.

(૨૭) સફળ ઈજારદારે નિયમ મુજબ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર સ્યોરીટી બાબતનું લખાણ સ્વખર્ચે કરી આપવાનું રહેશે.

(૨૮) ઈજારો મંજુર થતાં ઈજારદારે તેમના રહેઠાણ તથા ધંધાના સ્થળનું પુરેપુરું ટપાલનું સરનામું, ફોન નંબર, ફેક્ષ નંબર વિગેરે વિગતો પુરી પાડવાની રહેશે તથા ભવિષ્યમાં તેમાં કોઈ ફેરફાર થાય તો તેની જાણ તાત્કાલિક સુરત મહાનગરપાલિકાને લેખિતમાં કરવાની રહેશે. ઈજારદારે જણાવેલ સરનામા ઉપર સુરત મહાનગરપાલિકા દ્વારા જે કાંઈ પત્ર વ્યવહાર કરવામાં આવે તે ઈજારદારને મળ્યા બરાબર ગણાશે.

(૨૯) કમિશ્નરશ્રી જે તે સમયે જણાવે/સુચવે તે મુજબ પાર્કિંગમાં આવવા તેમજ જવા માટેનાં એન્ટ્રી/એકિઝટ રાખવાની રહેશે.

(૩૦) ઈજારદારને કામગીરીમાં નડતરરૂપ થાય તે મુજબ કોઈ પણ પ્રકારનું ખોદકામ તેમજ અન્ય કોઈ રીતે અટકાયત થાય તો તે મુજબની વિગતવાર જાણકારી ૨૪ કલાકની અંદર જણાવવાની રહેશે. જે સ્થળ તપાસ કરી માન્ય રાખવામાં આવે તે પ્રમાણે પરવાના ફી માંથી રાહત આપવામાં આવશે.

(૩૧) મહાનગરપાલિકાને જાહેરહિત માટેની કોઈ પણ અન્ય પ્રોજેકટ/કામગીરી માટે સદર જગ્યાના કોઈ ગાળા/ભાગની, તમામ ગાળા/ભાગની જરૂરીયાત જણાય તો, તે બાબતે ઈજારદારને દિન–૩૦ (ત્રીસ) ની મુદતની નોટીસ આપીને ઈજારો ટર્મીનેટ કરી પ્રશ્નવાળી જગ્યાનો પ્રત્યક્ષ કબજો સુરત મહાનગરપાલિકા મેળવી શકશે. તે અંગે ઈજારદાર કોઈ વાંધો લઈ શકશે નહિ.

(૩૨) ઈજારદારે/પરવાનેદારે 'પે એન્ડ પાર્ક' ના સંચાલન સારૂ પાર્કિંગ ચાર્જ/ફી માટેની રસીદ/ટોકન ઈશ્યુ કરવા માટે બજારમાં મળતા હાથ વડે સંચાલિત થઈ શકે તેવા ઈલેકટ્રોનીક સાધન/કોમ્પ્યુટર સ્થળ સ્થિતિ પ્રમાણે જરૂરીયાત મુજબની સંખ્યામાં, પોતાના ખર્ચે લાવવાના રહેશે તથા પે એન્ડ પાર્કમાં તેનો ઉપયોગ પાર્કિંગ ટીકીટ આપવા માટે કરવાનો રહેશે.

(૩૩) ઈજારદારે/પરવાનેદારે બજારમાં મળતા હાથ વડે સંચાલિત થઈ શકે તેવા ઈલેકટ્રોનીક સાધન/કોમ્પ્યુટરથી મળી શકે તેવી પાર્કિંગ ટિકિટ 'પે એન્ડ પાર્ક' માં ઈશ્યુ કરવાની રહેશે જેના માટેની રસીદ/ટિકિટ સીરીયલ નંબર સાથેની સ્વયં પાર્કિંગ ચાર્જ દર્શાવી શકે તેવી સ્ટેશનરી રાખવાની રહેશે. વાહન પાર્ક કરનારને આપવાની ટીકીટના ભાગમાં 'પે એન્ડ

પાર્ક' નું સ્થળ, ઈજારદારનુ નામ, વાહનનો પ્રકાર, નંબર, આવવા જવાનો સમય વિગેરે વિગત દર્શાવતી સ્વયં પાર્કિંગ ચાર્જ દર્શાવતી હોવી જરૂરી છે.

(૩૪) ઈજારદારે/પરવાનેદાર 'પે એન્ડ પાર્ક' માં વાહન પાર્ક કરનારને હાથ વડે સંચાલિત ઈલેકટ્રોનીક સાધન/કોમ્પ્યુટર થી મળી શકે તેવી જ પાર્કિંગ ટિકિટ આપવાની રહેશે. વિપરિત/કાબુ બહારના સંજોગોમાં નિશ્ચિત સમયગાળા માટે અગાઉથી સુરત મહાનગરપાલિકાની લેખિતમાં પરવાનગી મેળવવા બાદ જ મેન્યુઅલ પાર્કિંગ ટિકીટનો ઉપયોગ કરવાનો રહેશે અન્યથા શરત ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૩૫) ઈજારદાર/પરવાનેદારે 'પે એન્ડ પાર્ક' માં હાથ વડે સંચાલિત થઈ શકે તેવા ઈલેકટ્રોનીક સાધન/કોમ્પ્યુટર બેઝડ સીસ્ટમનો ઉપયોગ કરવો ફરજીયાત છે અગર તો આવી કોઈ ઈલેકટ્રોનીકસ સિસ્ટમ દાખલ કરી શકે છે. (રસીદ / ફીઝીકલ મેન્યુઅલ રસીદના ઉપયોગ દરમ્યાન થતી ગેરરીતી દુર કરવાનો હેતુ છે.)

(૩૬) સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૨૮૫/૨૦૧૭, તા.૨૧/૦૯/૨૦૧૭ તથા સા. સભા ઠરાવ નં. ૬૨૦, તા.૧૩/૧૦/૨૦૧૭ થી સદર પાર્કિંગ સ્થળ માટે નિયત કરેલ ફી કરતાં વધુ ફી ઈજારદાર કોઈપણ સંજોગોમાં ઉઘરાવી શકાશે નહી અને જો તે અંગેની ફરિયાદ આવશે કે અત્રેના આકસ્મિક ચેકીંગ દરમ્યિાન જો ઈજારદાર મુકકર કરેલ ફી કરતાં વધુ ફી ઘરાવતા હોવાનું સાબિત થશે/ માલુમ પડશે તેના સંજોગોમાં નિયત કરેલ રકમ દંડ પેટે વસુલ લેવામાં આવશે.

(૩૭) ઈજારદાર / પરવાનેદાર પે એન્ડ પાર્કમાં શરતો / નિયમોનો ભંગ બદલ દર વખતે નીચે જણાવેલ વિગતે દંડને પાત્ર રહેશે. સદરહું દંડ ઈજારદારે નોટીસ આપ્યાની તારીખથી દિન–૭(સાત)માં ભરપાઈ કરવાનો રહેશે.

| અ.નં. | વિગત | દંડની રકમ રૂા. |
|---|---|---|
| ૧ | માણસો યુનિફોર્મ / ઓળખપત્રક વગરના હોવા માટે | રૂા.૧૦૦/– |
| ૨ | નિયત કરેલ / સુચવેલ જગ્યાએ મુકરર કરેલુ ભાવપત્રક પ્રદર્શીત નહી કરવા માટે | રૂા.૫૦૦/– |
| ૩ | સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય હાથ વડે સંચાલિત ઈલેકટ્રોનીક સાધન અગર કોમ્પ્યુટર સિસ્ટમ વગરની એટલે કે હાથથી બનાવવામાં આવતી પાવતી / મેન્યુઅલ રસીદ આપવા માટે | રૂા.૫૦૦/– |
| ૪ | ફરીયાદપોથી નહી રાખવા માટે | રૂા.૧૦૦/– |
| ૫ | વાહનો શિસ્તબધ્ધ પાર્ક નહી કરવા માટે | રૂા.૧૦૦/– |
| ૬ | પે એન્ડ પાર્કમાં વાહનો સાચવવા / તકેદારી રાખવા માટે પૂરતિ સંખ્યામાં અધિકૃત માણસો નહી રાખવા માટે | રૂા.૨૫૦/– |
| ૭ | મુકરર કરેલ પાર્કિંગ દર કરતા વધુ પાર્કિંગ ચાર્જ વસુલ કરવા માટે | રૂા.૨૫૦૦/– |
| ૮ | પાર્કિંગના સ્થળે સાફસફાઈ ન કરવા/રાખવા બદલ | રૂા.૫૦૦/– |

જણાવેલ સમય મર્યાદામાં ઈજારદાર દંડ ભરવામાં નિષ્ફળ જશે તો ત્યારબાદ વાર્ષિક ૧૮% લેખે સાદા વ્યાજ સહિત નાણા વસુલ કરવામાં આવશે.

(૩૮) ઈજારદારે જમા કરાવેલ ચેક બાઉન્સ / પરત થવાના સંજોગોમાં સુરત મહાનગરપાલિકા ઈજારદારસામે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ અન્વયે કાર્યવાહી કરી શકશે તેમજ ચેક બાઉન્સ થવાના સંજોગોમાં ચેક દીઠ રૂા.૫૦૦/– અથવા પ્રતિ લાખની રકમ માટે રૂા.૧૦૦૦/– દંડ પેટે બે માંથી જે વધુ હશે તે વસુલ લેવામાં આવશે.

(૩૯) એક જ સપ્તાહમાં બે થી વધારે વખતે એક જ પ્રકારની ગેરરીતી / શરતભંગ પકડાય ત્યારે ઉપર શરત નં. (૩૭) માં નિયત કરવામાં આવેલ ચાર્જ કરતા ડબલ પેનલ્ટી / દંડ વસુલ લેવામાં આવશે.

(૪૦) એક જ કેલેન્ડર માસમાં ચાર થી વધારે વખતે એક જ પ્રકારની ગેરરીતી / શરતભંગ પકડાય ત્યારે શરત નં. (૩૭)માં નિયત કરવામાં આવેલ ચાર્જ કરતા ચાર ગણી / દંડ વસુલ લેવામાં આવશે.

(૪૧) પે એન્ડ પાર્કમાં અલગ–અલગ ઝોન / જગ્યા / ફ્લોરમાં નકશામાં દર્શાવ્યા / જણાવ્યા મુજબનો વિસ્તાર ધ્યાને લેવામાં આવેલ છે. ઈજારદારની મંજુર થયેલ ઓફર તથા કુલ વિસ્તાર ધ્યાને લઈ, પ્રતિ ચો.મી.નો મંજુર દર ગણવામાં આવશે ઈજારાના સમયગાળા દરમ્યાન કોઈ કામગીરી માટે સંજોગોવસાત કોઈ ગાળાનો સુરત મહાનગરપાલિકા અન્ય હેતુ માટે ઉપયોગ કરવા ઈચ્છે તો તેમ કરી શકશે અને તેમ કરતાં તેમજ કુલ ક્ષેત્રફળમાં ઘટાડો થાય (શરત

નં.૩૦) તો ઉકત પ્રતિ ચો.મી.નો દર સપ્રમાણસર લાયસન્સ ફી માંથી ઘટાડો કરી આપવામાં આવશે. તેમજ સ્થળે મળતા ક્ષેત્રફળમાં વધારો થવાથી અથવા કોઈ કારણસર સ્થળે મળતા ક્ષેત્રફળમાં વધારો થાય તો, ઈજારદારે લાયસન્સ ફીમાં સપ્રમાણસર વધારો આપવાનો રહેશે. ક્ષેત્રફળમાં વધારા–ઘટાડાની બંને પરિસ્થિતિઓ ઈજારદારે માન્ય રાખી તે મુજબની કામગીરી કરવાની રહેશે.

(૪૨) પે એન્ડ પાર્કના પરવાના ફી ની રકમ ઉપરાંત રાજય સરકારના નકકી થયેલા ચાર્જ કે વખતો વખત લાગુ પડતા જે તે કાયદા હેઠળ નકકી થતા ચાર્જ કે સરકારી/અર્ધસરકારી ટેક્ષ/ચાર્જ/ફી/ વેરા / નકત ભરવાપાત્ર થતા તમામ વેરા આપવાની જવાબદારી પરવાનો રાખનારની રહેશે. ઉપરોકત ઈજારાની મુદત પુરી થયા બાદ પણ જો સરકારશ્રી તરફથી આવું લેણું નીકળતુ હશે તો સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી તેવુ લેણુ વસુલ લેવા હકકદાર રહેશે.

(૪૩) ઈજારદારે પે એન્ડ પાર્કમાં નકકી કરેલ વાહનો નિયત થયેલ પાર્કિંગ વિસ્તારમાં જ પાર્ક કરાવવાના રહેશે તેમજ પે એન્ડ પાર્ક વિસ્તારમાં "વાહન ચાલકે પોતાના ખર્ચે અને જોખમે વાહન પાર્ક કરવું" (Parking at vehicles owners risk) તેવું બોર્ડ પ્રદર્શીત કરવાનું રહેશે.

(૪૪) ઈજારદારની જવાબદારી પે એન્ડ પાર્કમાં નિયત સ્થળે વાહન પાર્ક કરાવવાની છે. પાર્કિંગની જગ્યામાં પ્રવેશ/નિકાસ માટે નકકી કરવામાં આવેલ અંદર / બહાર જવાના માર્ગનો જ ઉપયોગ વાહન પાર્કિંગ માટે કરવાનો રહેશે. ટ્રાફીકના નિયમનો ભંગ ન થાય તથા "નો પાર્કિંગ ઝોન" માં વાહનો પાર્ક કરવામાં ન આવે તેની વાહન ચાલકે તકેદારી રાખવાની રહે છે. પાર્કિંગની જગ્યામાં વાહન લાવતી વખતે, વાહન પાર્કિંગ કરવામાં આવ્યુ હોય ત્યારે પાર્કિંગની જગ્યામાંથી વાહન બહાર કાઢતી વખતે ટ્રાફીક / દબાણના તમામ નિયમોનું વાહન ચાલકે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે ખોટી રીતે વાહન ચલાવવા / પાર્ક કરાવા બદલ જો વાહનો નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. મહાનગરપાલિકા કોઈપણ રીતે જવાબદાર રહેશે નહિ. વધુમાં આવા સંજોગોમાં જો સક્ષમ સત્તા ધ્વારા દંડ કરવામાં આવે અગર તો ટ્રાફીક, આર.ટી.ઓ., મહાનગરપાલિકાના ઝોન / દબાણ ખાતા અગર તો અન્ય કોઈ સક્ષમ સત્તા ધ્વારા વાહન જપ્ત (detain) કરી લેવામાં આવે તો તે અંગે ઈજારદારને કસુરવાર ઠરાવી શકાશે નહિ પરંતુ તેની જવાબદારી વાહન ચાલક / માલિકની રહેશે.

(૪૫) ઈજારદાર તરફથી સાઈટ ઉપર જે માણસો રોકવામા આવે તે અંગે રાજય સરકાર, કેન્દ્રસરકાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના તમામ લાગુ પડતા નીતિ નિયમોનું કાયદાની મર્યાદામાં રહી પાલન કરવાનું રહેશે. ઈજારદારે સ્થળ ઉપર રોકેલ માણસોને લઘુતમ વેતનથી ઓછો પગાર આપી શકાશે. નહી. જો ઈજારદાર તરફથી આવા કોઈ પણ નીતિ નિયમ કાયદાનું પાલન થાય નહિ/ઉલ્લઘંન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને સુરત મહાનગરપાલિકા ને એવા ઉલ્લઘંન માટે કોઈ પણ રીતે જવાબદાર ઠેરવી શકાશે નહી.

(૪૬) સુરત મહાનગરપાલિકા ધ્વારા પે એન્ડ પાર્કની કામગીરી માટે ફાળવવામાં આવેલ જગ્યા ઉપર ઈજારદારને સુરત મહાનગરપાલિકા ધ્વારા ફકત ઈજારો / પરવાનો/લાયસન્સ આપવામાં આવશે. સદર કામગીરી મેળવવા તથા " પે એન્ડ પાર્ક"નું સંચાલન કરવા બાબત કેન્દ્રસરકાર/રાજયસરકાર/સ્થાનીક સ્વરાજયની સંસ્થાના લાગુ પડતા કાયદાઓ મુજબ જે કાંઈ અન્ય લાયસન્સ/પરવાનગી/મંજુરી લેવાની થતી હોય તો તે ઈજારદારે પોતાના ખર્ચે અને જોખમે સંબંધિત ખાતાઓ/વિભાગ માં અરજીઓ કરી મેળવવાના રહેશે, તે અંગેની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે.

(૪૭) ફોર્સ મેજર કલોઝ કોઈપણ પ્રકારના કુદરતી કે માનવ સર્જીત આફત (Disaster) ના કારણે જેવા કે પુર, ધરતીકંપ, વાવાઝોડુ વિગેરે, અગર તો કોઈપણ પ્રકારના અકસ્માત / હુમલા / હીંસાખોરી, જેવા કે આગ, મિલ્કત પડવી, ટોળા શાહી પથ્થર મારો, સાંપ્રદાયીક તોફાનો વિગેરેના કારણે પાર્કિંગમાં મુકવામાં આવેલ વાહનોને નુકશાન થાય નહી તે બાબતે શકય થાય તેટલી તકેદારી રાખવી તેમ છતાં જો વાહનોને નુકશાન થાય તો આવા કાબુ બહારના સંજોગના કારણે નુકશાનીની જવાબદારી ઈજારદારની કે સુરત મહાનગરપાલિકાની રહેશે નહિ.

(૪૮) 'પે એન્ડ પાર્ક' ના પાર્કિંગ વિસ્તારમાં 'પરિશિષ્ટ–બ' મુજબના નિયત કરેલ વાહનો પાર્ક કરાવવાના રહેશે.

(૪૯) 'પે એન્ડ પાર્ક' માં વાહનો સાચવવા જરૂરીયાત મુજબ સીકયુરીટી સ્ટાફની વ્યવસ્થા ઈજારદારે પોતાના ખર્ચે કરવાની રહેશે.

(૫૦) પાર્કિંગ એરીયામાં ૧૦% એરીયા સીનીયર સીટીઝન તથા વિકલાંગો માટે અનામત રાખવાનો રહેશે.

(૫૧) જવલનશીલ / વિસ્ફોટક અગર કાયદા ધ્વારા પ્રતિબંધિત ચીજ વસ્તુ પાર્કિંગમાં રાખવામાં આવેલ વાહનમાં રાખી શકાશે નહિ. તે અંગે થનાર નુકશાનની/કાયદેસરની કાર્યવાહીની જવાબદારી ઈજારદારની કે સુરત મહાનગરપાલિકાની રહેશે નહી.

(૫૨) આ કામે કોઈપણ પ્રકારના દાવા પ્રકરણો સુરત શહેર તાબાની નામદાર કોર્ટના હકુમતક્ષેત્રને આધિન રહેશે. (Subject to Surat Jurisdiction)

(૫૩) ઈજારદાર પોતાનો ઈજારો/પરવાનો બીજા પેટા ઈજારદારને તબદીલ કરી શકશે નહી. જો તેમ કરેલ જણાશે તો ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવા માટેની તથા ઓફર શરતો મુજબ કાયદેસરની કાર્યવાહી કરી કાળી યાદીમાં મુકવા સુધીની કાર્યવાહી કરી શકાશે.

(૫૪) 'પે એન્ડ પાર્ક' માટે આપેલ ઈજારાવાળી જગ્યા ઈજારદારને લાયસન્સ પધ્ધતિથી ફાળવેલ છે. ઈજારદારને કોઈપણ પ્રકારના માલિકી/ભાડુત તરીકેના અર્થાત ટેનન્સી રાઈટસ પ્રાપ્ત થતાં નથી અને થશે નહીં. સદર જગ્યાની માલિકી તથા કબજો સુરત મહાનગરપાલિકાની છે અને રહેશે.

(૫૫) કેન્દ્ર સરકારનાં કાયદા અનુસાર નિયત કરેલ દરે લાયસન્સ ફી ઉપર 'જી.એસ.ટી'. ભરવાનો રહેશે. સરકારશ્રી દ્વારા વખતોવખત લાગુ કરેલ કર ભરવાનો રહેશે.

(૫૬) સદર કામમાં જી.એસ.ટી. નાં કાયદા હેઠળ જી.એસ.ટી. લાગુ પડે છે કે નહી? કેટલા ટકા? તેમજ HSN/SAC કોડ ઈજારદાર પોતાના સી.એ. પાસેથી મેળવી ઓફર સાથે સબમીટ કરવાનું રહેશે. ઈજારદારે જી.એસ.ટી. નંબર/જી.એસ.ટી. રજીસ્ટ્રેશનની નકલ ઓફર સાથે સામેલ કરવાની રહેશે.સરકારશ્રી ધ્વારા વખતો વખત લાગુ કરવા પાત્ર કર ભરવાનો રહેશે.

(૫૬) "પે એન્ડ પાર્ક"માં સાફસફાઈની જવાબદારી ઈજારદારની રહેશે. તેમજ તેના ભંગ બદલ શરત નં. ૪૨ માં સમાવિષ્ટ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ દંડને પાત્ર રહેશે.

**કાર્યપાલક ઈજનેર**
**પૂર્વ(વરાછા) ઝોન–એ**
**સુરત મહાનગરપાલિકા**

**ઉકત તમામ શરતો મેં વાંચી છે અને મને મંજુર છે.**

------------------------------

**ઈજારદારની સહી તથા સિકકો**
**તારીખઃ**

# **'પે એન્ડ પાર્ક' ની ખાસ શરત**

- ઈજારદારને સોંપવામાં આવેલ પે એન્ડ પાર્કના હદ વિસ્તારમાં ફકત પે એન્ડ પાર્કની કામગીરી કરવાની રહેશે. જો પે એન્ડ પાર્ક  સિવાયના અન્ય હેતુ માટે ઉપયોગ કરવામાં આવશે કે અન્ય કોઈપણ રીતે દબાણ કરવામાં આવશે તો ઈજારદારને સોંપવામાં આવેલ કુલ વિસ્તાર અને ઓફર રકમના પ્રતિ ચો.મી. ના દરે પેનલ્ટી (દંડ) વસુલ લેવામાં આવશે અને આ પ્રકારની ગેરરીતી / શરતભંગ બીજી વખત જણાય તો ડબલ દરે તથા ત્રીજી વખત જણાય તો ત્રણ ગણા દરે દંડ વસુલવાનો રહેશે. ત્યારબાદ પણ ઉપરોકત ગેરરીતી / શરતભંગ ઈજારદાર ધ્વારા ચાલુ રાખવામાં આવે તો તેને કાળીયાદીમાં મુકવા સુધીની પેનલ્ટી કરવામાં આવશે.

ઉપરોકત શરત અમોએ વાંચી અને સમજીને નીચે સહી કરી છે. જે અમોને બંધન કર્તા રહેશે. સદરહું બાબતે ભવિષ્યમાં અમારા તરફથી કોઈ પણ પ્રકારની અલગથી કાર્યવાહી કરવાની રહેશે નહીં. જેની અમો લેખિત બાંહેધરી આપીએ છીએ.

**કાર્યપાલક ઈજનેર**
**પૂર્વ(વરાછા) ઝોન–એ**
**સુરત મહાનગરપાલિકા**

----------------------------
**ઈજારદારની સહી તથા સિકકો**
**તારીખઃ**